# વિવિધ શાળાના છાત્રોને અવકાશ વિજ્ઞાન અંગે માહિતગાર કરાયા



**આકાશ** નિદર્શન માટે એકત્ર થયેલા લોકો અને વિદ્યાર્થીઓ દૃશ્યમાન થાય છે.

## ઈન્ડિયન પ્લેનેટરી દ્વારા ઉજવાયું વિશ્વ અંતરીક્ષ સપ્તાહ

ભાસ્કર ન્યૂઝ. ભુજ

ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી દ્વારા તાજેતરમાં ઉજવાયેલા વિશ્વ અંતરીક્ષ સપ્તાહ અંતર્ગત જુદી-જુદી શાળામાં વિદ્યાર્થીઓને અવકાશના વિજ્ઞાન અંગે માહિતગાર કરાયા હતા.

સપ્તાહ દરમિયાન ભીમરાવનગર પ્રાથમિક શાળા, સૂરજપર પ્રાથમિક કન્યા શાળા, ભારાપર પ્રાથમિક શાળા અને એસ. ઓ. એસ. ચિલ્ડ્રન વિલેજ-ભુજોડીના વિદ્યાર્થીઓને બ્રહ્માંડમાં આપણો મુકામ દસ્તાવેજી પિક્ચર, વિજ્ઞાનના પ્રયોગો વિશે તથા સદીનો સૌથી મોટો અને પ્રકાશિત ધૂમકેતુ આઈસન સ્પેશ ટેકનોલોજી, અવકાશના રહસ્યો વિશે જાણકારી આપવામાં આવી હતી.

વિવિધ માહિતી સીઈઓ અક્ષય મલ્હોત્રા દ્વારા આપવામાં આવી હતી.

Generated by CamScanner from intsig.com